## <u>એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં:૨૫,અમદાવાદ.</u>

**CC NO. 55556 /2021**

**PETITIONER GOVERNMENT OF GUJARAT**

**VS**

ACCUSED રોહિત ઉર્ફે લુલી અશોકભાઈ વિશાલભાઈ દાતણીયા × ૧

**SECTION ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫એએ. મુજબ..**

## <u>ચુ કા દો</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવ સમયે અને સ્થળે કોઈ પણ પ્રકારની પાસ પરમિટ વગર પોતાના કબજામાં પ્રતિબંધક મુદ્દામાલ રાખી પકડાઈ જતાં આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એક્ટની કલમ-૬૫(એ)(એ) અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો નોંધી તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાની તપાસ કરી અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપ્યાની ખાત્રી કરેલ છે. સદર કામે આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધિત મુદ્દામાલની માત્રા તથા તાજેતરમાં ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેરનામા નં.જીજી/૬૫/૨૦૧૯/ વીડીઆર/૧૦/૨૦૦૯/૨૦૬૧/ ઈ–૧, તા. ૦૨.૦૭.૨૦૧૯ થી પ્રતિબંધક મુદ્દામાલની ન્યુનતમ માત્રા નક્કી કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધક મુદ્દામાલની માત્રા ન્યુનતમ માત્રા હોય આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એક્ટની કલમ–૬૫એએ. મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે અને પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(3) આરોપીએ સદરહું ગુનાના કામે અલાયદા કબુલાત પુરસીસ આપી તેમાં જાહેર કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે, તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છૂટક મજૂરી કામ કરે છે અને મજૂરી પણ રોજ

મળતી નથી. જેથી તેઓ પોતાનું તેમજ કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે હાલનો ગુનો થઈ ગયેલો છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો આચરીશું નહી, તેવું જણાવેલ છે અને કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્ધેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩.૧) આરોપી ખરેખર પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલી છે.

(૪) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતાં તથા પ્રવર્તમાન કાનૂની પ્રબંધો ધ્યાને લેતાં આ કામના આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ પ્રતિબંધક મુદ્દામાલની માત્રા કે જે સરકારશ્રી દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ ન્યુનતમ માત્રાથી પણ ઓછી માત્રા છે. વધુમાં આરોપી વિરૂધ્ધ જે શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની શિક્ષાની જોગવાઈ ધ્યાને લેતાં કલમ-૬૫એએ. માં દરેક ગુના માટેની સજા ૦૩ વર્ષ સુધી લંબાવી શકાય અને તે સાથે દંડ કરી શકાય, તે મુજબની છે. આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાની હકીકત તથા કેસના સંજોગો અને કબુલાત પુરસીસથી આરોપીએ રજુ કરેલ કબુલાતનામાની હકીકત ધ્યાને લેતાં તથા તેની સાથે સાથે અદાલત સમક્ષ અન્ય પેન્ડીંગ કેસોની સંખ્યા ધ્યાને લેતાં, સદર ગુનાના કામે જો આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે તો તે કાર્યવાહી માટે હાલના કામના ફરીયાદી કે જેઓ સરકારી અમલદાર છે, તેવી જ રીતે સરકારી સાહેદો, પંચો અને સરકારી અધિકારી ત.ક.અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરો કરવાની સંભાવના શક્ય નથી. વધુમાં ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ અન્વયેના કેસોમાં ભુતકાળમાં સાબીત થયેલ કેસોની સંખ્યા અને સજાનું પ્રમાણ ધ્યાને લેતાં તે ઘણું ઓછુ છે. વધુમાં આરોપીનો સમય, ફરીયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલના અંતે આરોપી કસૂરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે, તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે

ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદુપયોગ કરી શકાય તેમ હોય, તેમજ આરોપી જ્યારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય અને જ્યારે આરોપીનો આ પ્રથમ ગુનો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, ઉપરોક્ત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ) મુજબના ગુના બદલ **કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૨૦૦ × ૨ – ૪૦૦ /–(અંકે રૂપિયા ચાર સો રૂપિયા પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભ રે તો દિન-૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

કબજે લીધેલ પ્રતિબંધિત મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.
હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(મનોજકુમારરાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(**Code No. GJ01124**)

અમદાવાદ.
તા.૦૯/૦૯/૨૩